## સંક્ષિપ્ત સમાચાર

### સિંગવડ નગરમાં પોષણ માસ નિમિત્તે આંગણવાડી બહેનોની જનજાગૃતિ રેલી યોજાઈ



**સિંગવડ :** સિંગવડ ખાતે પોષણ માસ નિમિત્તે આંગણવાડી બહેનો દ્વારા એક જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી આઈસીડીએસ કચેરીથી શરૂ થઈ હતી, જે ગોવિંદ ગુરુ ચોક રાધાકૃષ્ણ મંદિર અંબે માતા મંદિર પર ફરીને ભમરેચી માતા મંદિરે પૂર્ણ થઈ હતી.રેલી દરમિયાન આંગણવાડી બહેનો દ્વારા પોષણયુક્ત આહાર, બાળકો અને સગર્ભા માતાઓના સ્વાસ્થ્ય અંગે નારા લગાવી લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી. પોષણ માસ ઉજવણીનો મુખ્ય હેતુ કુપોષણ મુક્ત સમાજ બનાવવાનો છે.

### કાલોલમાં અઝીમ ફ્રેન્ડ સર્કલ દ્વારા કાદરી સમુહ લગ્નોત્સવમાં ૧૫ કપલે ભાગ લીધો



**કાલોલ :** શહેરમાં બગદાદ વાળા પીર હજરત શેખ સૈયદ અબ્દુલ કાદીર જીલ્લાની પવિત્ર પર્વ જશે ઈદ ગૌષીયા (ગ્યારવી શરીફ) ના મુબારક દિવસે દર વર્ષેની જેમ આ વર્ષે પણ ભવ્યાતિભવ્ય કાદરી સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો જેમાં આ ભવ્ય સમૂહ લગ્નોત્સવમાં ૧૫ નવદંપતીઓ નિકાહ ના બંધન માં જોડાઈ જિંદગીની શરૂઆત કરી હતી તમામ નવદંપતીઓના નિકાહ સાંજના ચાર વાગ્યાના સુમારે જુમ્મા મસ્જીદના પેશ ઈમામ ગુલામ ગૌષ રઝવી સાથે નાયબ ઈમામ હાફીઝ મુજ્જમીલખાન અશરફી અને અલેક મસ્જીદના પેશ ઈમામ વશીમરઝા કાદરી એ પઢાવ્યા હતાં. અને તેને અઝીમી હેન્ડ સર્કલ દ્વારા આજ દિન સુધી ૨૧૩ થી વધુ નિકાહ સત્તત ૧૩ વર્ષ થી કરાવી જે પ્રસંશનીય કાર્ય કરી રહ્યા છે .

### ફતેપુરાના બારસલેડા ખાતે રાજ્યમંત્રી રમેશ કટારાના અધ્યક્ષસ્થાને સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



**સુખસર :** નાગરિકોની લાગણીઓ અને અપેક્ષાઓ પૂર્ણ કરવા તેમજ પારદર્શી વહીવટના ઉદ્દેશ્ય સાથે દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના બારસાલેડા ગામે પ્રાથમિક શાળા ખાતે રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓના લાભો સહેલાઈથી પહોંચે તે માટે 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ આ આયોજન કરાયું છે. મામલતદાર કચેરી અને તાલુકા વિકાસ અધિકારીની કચેરીને લગતી સરકારી સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવાઈ છે.

### સિંગવડમાં વિવિધ મંડળો દ્વારા વાજતે ગાજતે ગણપતિનું ભવ્ય વિસર્જન



**સિંગવડ :** સિંગવડ નગરમાં જી.એલ. શેઠ હાઈસ્કૂલ, સિંગવડ-2 ના પીપલા ચોક તથા સંજેલી રોડ સેલોત ફળિયાના ગણપતિનું આજરોજ ભાવભેર વિસર્જન કરવામાં આવ્યું હતું. સિંગવડ નગરના જી.એલ. શેઠ હાઈસ્કૂલ સિંગવડ-2 તથા સેલોત ફળિયાના ભક્તો દ્વારા દસ દિવસ સુધી ગણપતિ બાપાની સેવા-પૂજા અને આતિથ્ય કર્યા બાદ આજે ડીજેના તાલે શોભાયાત્રા કાઢી વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જન યાત્રા દરમિયાન ભક્તો દ્વારા ગુલાલ ઉડાડીને અને "ગણપતિ બાપા મોરિયા, અગલે બરસ તું જલ્દી આ" ના ગગનભેદી નારા લગાવી વાતાવરણને ભક્તિમય બનાવી દેવાયું હતું. ત્યારબાદ નગરમાં આવેલી કબુતરી નદીમાં ગણપતિ બાપાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

---

આરોડા ગામના હોળી ફળિયામાં MGVCL ની બેદરકારી

## ૨૦ દિવસમાં ત્રીજીવાર TC બળી જતા ૫૫ ઘરો અંધારામાં

વીજ ગ્રાહકોને વીજળી મળી રહે તેવી માંગ

(પ્રતિનિધી) સિંગવડ, તા.24

સિંગવડ તાલુકાના આરોડા ગામના હોળી ફળિયામાં છેલ્લા વીસ દિવસમાં ત્રણ વાર લાઈટની TC બળી જતા 55 ઘરો અંધારામાં રહેવા મજબુર બન્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ MGVCL ના સ્ટાફની બેદરકારીના કારણે વારંવાર આ ઘટના બની રહી છે.

ગામના સરપંચ દ્વારા રજૂઆત કરવામાં આવે તો હેલ્પરો દ્વારા "ઉપર જાણ કરો" કહી ગોળ-ગોળ વાતો



કરી વાત ટાળી દેવામાં આવે છે, તેવો ગ્રામજનોનો આક્ષેપ છે. લાઈનમાં કોઈ ખામી હોય તો તેને ચેક કરી તાત્કાલિક બીજી નવી અને વધુ ક્ષમતા વાળી TC નાખવામાં આવે તેવી ગામ લોકોની માંગ છે. વહેલી તકે વીજ પુરવઠો પુન:સ્થાપિત કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. જ્યારે આ ટીસી માટે પહેલા પણ અખબારમાં જણાવવામાં આવ્યું હતું તેના પછી તાત્કાલિક આવીને એ TC ફીટ કરી ગયા હતા પરંતુ તેના પછી બે વખત ફરી બળી જતા ફરી અંધારામાં રહેવાનો વારો આવ્યો છે માટે mgvcl ના અધિકારીઓ દ્વારા તેની તટસ્થ તપાસ કરી ફરી આવો બનાવ ન બને અને વીજ ગ્રાહકોને વીજળી મળી રહે તેવી માંગ ઉઠવા માંગે છે.

---

### 'સેવા મેરા યોગદાન' અંતર્ગત પંચમહાલ જિલ્લામાં યોજાયો મેગા મેડિકલ કેમ્પ

ગોધરા : વડાપ્રધાનના ૨૫ વર્ષના જનસેવા કાર્યકાળ અને વિકસિત ભારત ૨૦૪૭ના સામૂહિક સેવા સંકલ્પ અભિયાન અન્વયે તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સેવા મેરા યોગદાન અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લાની મેડિકલ કોલેજ તેમજ વિવિધ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ભવ્ય મેગા મેડિકલ કેમ્પોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાભરમાં યોજાયેલા આ કેમ્પોમાં તજજ્ઞ તબીબો, પેરામેડિકલ અને નર્સિંગ સ્ટાફ દ્વારા કુલ ૧૨,૮૦૩ લાભાર્થીઓનું સફળતાપૂર્વક હેલ્થ સ્ક્રીનિંગ અને તબીબી તપાસ કરવામાં આવી હતી.

---

આગાવાડા ગામે બીડ ફળિયામાં તસ્કરોનો તરખાટ

## રૂ.૮.૧૩ લાખ ઉપરાંતની કિંમતના સોના-ચાંદીના દાગીનાનો હાથફેરો

(પ્રતિનિધી) દાહોદ, તા.24

દાહોદ તાલુકાના આગાવાડા ગામે બીડ ફળિયામાં રહેતા ૬૫ વર્ષીય જોતીયાભાઈ થાવરાભાઈ સંગાડા ગત તારીખ ૧૯મી સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે જમી પરવારી પોતાના પરિવારજનો સાથે પોતાના ઘરમાં મીઠી નીંદર મળી રહ્યા હતા. તે દરમિયાન રાત્રિના સાડા બાર વાગ્યાના સુમારે બે અજાણ્યા તસ્કરો જોતીયાભાઈ સંગાડાના ઘરમાં સીડીવાળો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ્યા હતા . તે વખતે જોતીયાભાઈ સંગાડા જાગી જતા તેમને પકડી રાખી ભય ઉભો કરી ઘરમાંની તિજોરી તોડી તિજોરીમાં મુકેલ ચાંદીના ભોરીયા નંગ-૩, ચાંદીની સાંકળી નંગ-૪, ચાંદીની હાંસડી નંગ-૧, ચાંદીના કંદોરા નંગ-૩, ચાંદીનો કંદોરો નંગ-૧, ચાંદીના છડાની જોડ નંગ-૧, ચાંદીના અડધી કેડ કંદોરા નંગ-૩મળી રૂપિયા ૨,૬૭,૫૭૬/-ની કુલ કિંમતના ચાંદીના દાગીના તથા સોનાની બંગડી નંગ-૪, સોનાની ૩, સોનાની ચેન નંગ-૩મળી રૂપિયા ૫,૯૩,૦૫૬/-ની કિંમતના સોનાના દાગીના મળી રૂપિયા ૮,૧૩,૬૮૩/-ની કુલ કિંમતના સોના ચાંદીના દાગીના ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ઘરફોડ ચોરીનો ભોગ બનેલ ઘરધણી ૬૫ વર્ષીય જોતીયાભાઈ થાવરાભાઈ સંગાડાએ બે તસ્કરોનો અવાજ સાંભળી ગુલબાર ગામના કુવા ફળિયાના સવાભાઈ મેઘુભાઈ સંગાડા તથા ખંગેલા ગામના ગોરચંદભાઈ વીરાભાઈ આમલીયાર એમ બંને શકમંદ વિરુદ્ધ કતવારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા કતવારા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

---

દાહોદ જિલ્લાના સર્વપ્રથમ પદયાત્રા સંઘ તરીકે ઓળખાતા 'જય અંબે પદયાત્રા સંઘ

## સાત ભક્તોથી શરૂ થયેલી શ્રદ્ધાની સફર, 30 વર્ષનો ગૌરવશાળી ઈતિહાસ

( પ્રતિનિધિ) સુખસર.24

એક સમય હતો જ્યારે માં અંબાના દર્શન માટે માત્ર સાત ભક્તોએ પગપાળા અંબાજી જવાનો સંકલ્પ કર્યો હતો. એ સાત ભક્તોના પગલાંથી શરૂ થયેલી શ્રદ્ધાની સફર આજે ત્રણ દાયકા પૂર્ણ કરી ચૂકી છે. ગુણવંતલાલ નારણદાસ પંચાલના સંકલ્પથી શરૂ થયેલી આ પદયાત્રા આજે 30 વર્ષ પૂર્ણ કરી દાહોદ જિલ્લાના સર્વપ્રથમ પદયાત્રા સંઘ તરીકે પોતાની આગવી ઓળખ બનાવી ચૂકી છે. નાનકડા સંકલ્પથી શરૂ થયેલી આ યાત્રા સમય સાથે વિસ્તરતી ગઈ અને આજે અનેક માઈભક્તો માટે શ્રદ્ધા, સેવા અને સંગઠનનું પવિત્ર કેન્દ્ર બની છે. ત્રણ દાયકાની આ સફરમાં પેઢીઓ બદલાઈ, ભક્તોની સંખ્યા વધી, પરંતુ મા અંબા પ્રત્યેની આસ્થા અને



પદયાત્રાની પરંપરા અવિરત રહી. દર વર્ષે સુખસરથી અંબાજી તરફ નીકળતી આ પદયાત્રા દરમિયાન "બોલ માડી અંબે જય અંબે"ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. પદયાત્રાનું અંતિમ ગંતવ્ય માત્ર અંબાજી પહોંચવાનું નથી, પરંતુ મા અંબાના પાવન ધામે 52 ગજની ધજા ચડાવી શ્રદ્ધા અર્પણ કરીને યાત્રા પૂર્ણ કરવાની આગવી પરંપરા પણ આ સંઘની વિશેષ ઓળખ છે. આ યાત્રાની શરૂઆત કરનાર ગુણવંતલાલ નારણદાસ પંચાલ સહિતના સાત ભક્તો દ્વારા પ્રગટાવેલી આસ્થાની જ્યોત આજે પણ સંઘના કાર્યકર્તાઓ દ્વારા અખંડ રાખવામાં આવી છે. શરૂઆતના દિવસોથી લઈને આજ સુધી અનેક સેવાભાવી વ્યક્તિઓએ યાત્રાને આગળ વધારવામાં પોતાનું યોગદાન આપ્યું છે.હાલમાં પંચાલ નવ યુવક મંડળ ના ગૌરવકુમાર મુકેશભાઈ પંચાલ તથા સંજયભાઈ મહેન્દ્રભાઈ પંચાલ સહિત સંઘના કાર્યકર્તાઓ પદયાત્રાની વ્યવસ્થા, સેવા અને આયોજનમાં સક્રિય રીતે કાર્યરત છે. તેમના અથાગ પરિશ્રમથી ત્રણ દાયકાની આ પરંપરા સતત આગળ વધી રહી છે.

---

હાલોલ ખાતે "સેવા સંકલ્પ અભિયાન" નો શુભારંભ

## હાલોલમાં જનભાગીદારીથી વૃક્ષારોપણ અને સાફ-સફાઈનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

(પ્રતિનિધી) હાલોલ, તા.24

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં સેવા અને સમર્પણના 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત વિવિધ સેવાકીય, સામાજિક અને જનભાગીદારીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે વૃક્ષારોપણ તથા સાફ-સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. કાર્યક્રમનું આયોજન માનનીય કુલપતિ ડૉ. સી. કે. ટીંબાડિયા ના માર્ગદર્શન હેઠળ તથા માનનીય કુલસચિવ અને કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, હાલોલના આચાર્ય ડૉ. પ્રભુ નાયકાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માનનીય કુલપતિ ડૉ. સી. કે. ટીંબાડિયા દ્વારા યુનિવર્સિટી



કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ સાથે યુનિવર્સિટી પરિસરમાં વિવિધ સ્થળોએ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના આશરે 100 જેટલા વિદ્યાર્થીઓ તથા 150 જેટલા સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટી પરિવારની સક્રિય સહભાગિતાથી સમગ્ર કાર્યક્રમમાં સેવાભાવ અને જનભાગીદારીનો માહોલ જોવા મળ્યો હતો.

---

## પંચમહાલ જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે ગણેશ પંડાલોની મુલાકાત લીધી

(પ્રતિનિધી) હાલોલ, તા.24

હાલોલ શહેરમાં ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે, ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા તથા ઉત્સવના માહોલ વચ્ચે પંચમહાલ જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે આજે મંગળવારના રોજ હાલોલના વિવિધ ગણેશ પંડાલોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે વિવિધ ગણેશ મંડળોના પંડાલોમાં જઈને વિઘ્નહર્તા શ્રીજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે તેમની સાથે હાલોલ ડિવિઝનના DYSP વી.જે. રાઠોડ તથા સ્થાનિક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



વિવિધ ગણેશ મંડળો દ્વારા જિલ્લા પોલીસ વડા હરેશ દુધાત તથા તેમની સાથે આવેલા પોલીસ અધિકારીઓનું સાલ, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન જિલ્લા પોલીસ વડાએ મંડળોના આયોજકો સાથે વાતચીત કરી શાંતિપૂર્ણ અને ઉત્સાહસભર વાતાવરણમાં તહેવારની ઉજવણી કરવા અનુરોધ કર્યો હતો.

---

કાલોલમાં ઠેરઠેર ગણેશોત્સવના પંડાલો

## 'કાલોલના મહારાજા'ને ભવ્ય અન્નકૂટ ધરાવાયો: ભક્તોની ભીડ

(પ્રતિનિધી) કાલોલ, તા.૨૫

કાલોલ નગરના ગાંધી ફળિયા ખાતે આવેલ ગાંધી ફળિયા યુવક મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવ અંતર્ગત શ્રીજીના ચરણોમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગણપતિ દાદાને ૫૬ ભોગનો થાળ ધરાવી ભવ્ય અન્નકૂટ અને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. તેમજ કાછીયાવાડ ખાતે 'કાલોલના મહારાજા' તરીકે પ્રખ્યાત ગણપતિ મંડળ (કાછીયાવાડ યુવક મંડળ) દ્વારા ગણેશોત્સવ દરમિયાન શ્રીજીના ચરણોમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.અન્નકૂટ ઉત્સવ પ્રસંગે ગણપતિ દાદાને વિવિધ પ્રકારની



વાનગીઓ અને મિષ્ટાન ધરાવી આકર્ષક શણગાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાદાના ભવ્ય અન્નકૂટ દર્શન અને મહાઆરતીનો લાભ લેવા માટે કાલોલ નગર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી ગણેશ ભક્તોનું વિશાળ ટોળું ઉમટી પડ્યું હતું. "ગણપતિ બાપ્પા મોરિયા"ના જયઘોષ સાથે ભક્તિમય માહોલમાં ગુંજી ઊઠ્યો હતો.

---

## પંચમહાલ લોકસભાના સાંસદ રાજપાલસિંહે ગણેશોત્સવમાં દર્શન કર્યા

(પ્રતિનિધી) કાલોલ, તા.24

ગણેશજીની સ્થાપના બાદ નગરમાં ભક્તિમય માહોલ છવાયો છે, ત્યારે બુધવારના રોજ પંચમહાલ લોકસભા વિસ્તારના સાંસદ રાજપાલસિંહ જાદવે કાલોલ શહેરના વિવિધ ૧૬ જેટલા ગણેશ પંડાલોની મુલાકાત લીધી હતી.

સાંસદે તમામ પંડાલોમાં ગણપતિ બાપ્પાના દર્શન, પૂજા અને મહાઆરતી કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રવાસ દરમિયાન સાંસદ રાજપાલસિંહ જાદવે યુવાનોમાં ઉત્સાહ વધારવા અને તેમની સાથે સીધો સંપર્ક સાધવા માટે પોતાની ફોર-વ્હીલર ગાડી છોડીને બાઈક પર સવાર થઈને નગરના ગણેશ પંડાલોમાં પરિભ્રમણ કર્યું હતું. સાંસદના આ અનોખા અંદાજને



કારણે નગરના યુવા મોરચા અને શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.આ પ્રસંગે કાલોલ નગર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ સંજય રાઠોડ સહિત ભાજપ અને યુવા મોરચાના અનેક હોદ્દેદારો તેમજ અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

લીમખેડામાં આઝાદી ના ૮૦ વર્ષેય સ્મશાન નસીબ નથી ?

## લીમખેડામાં સ્થાનિકોને અંતિમ સંસ્કાર માટે સ્મશાન એક સ્વપ્ર સમાન રહેશે?

(પ્રતિનિધી) દાહોદ, તા.24

લીમખેડા એક તરફ ગુજરાત સરકાર રાજ્યના છેવાડાના ગામો સુધી પહોંચેલા સર્વાંગી વિકાસના દાવા કરી રહી છે, ત્યારે દાહોદ જિલ્લાના મુખ્ય તાલુકા મથક લીમખેડામાંથી તંત્રની પોલ ખોલતી અત્યંત શરમજનક અને સંવેદનહીન વાસ્તવિકતા સામે આવી છે. દેશની આઝાદીના ૮૦ વર્ષ વીતી ગયા હોવા છતાં લીમખેડાના નાગરિકો માટે અંતિમ સંસ્કાર માટેનું એક સ્મશાન પણ સ્વપ્ર સમાન બની રહ્યું છે. તાલુકા મથક જેવા મહત્વના સ્થળે સ્મશાન જેવી પાયાની સુવિધા



ન હોવાથી પ્રજાપતિ અને આદિવાસી સમાજ સહિત વિવિધ વર્ગના લોકોને સ્વજનના અવસાન બાદ હડફ નદીના પટમાં લાચારીભરી સ્થિતિમાં અગ્નિદાહ આપવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, સ્મશાન ન હોવા ઉપરાંત નદીના પટ સુધી પહોંચવા માટે કોઈ પાકો રસ્તો કે કન્વર્સન પણ નથી. સ્વજન ગુમાવી ચૂકેલા શોકાતુર પરિવારોએ નદીના ધારદાર પથ્થરો અને ખાડા ટેકરાવાળા જોખમી માર્ગ પરથી લાકડાં તથા મૃતદેહ ખભે ખભે ઊંચકીને પસાર થવું પડે છે. વાહનો નદીના પટ સુધી જઈ શકતા ન હોવાથી અંતિમ યાત્રામાં જોડાતા લોકો માટે આ સ્થિતિ અતિશય પીડાદાયક બની જાય છે.

---

### દાહોદ આયુર્વેદ શાખા દ્વારા ૧૧મા 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ'ની ઉજવણી

(પ્રતિનિધી) દાહોદ, તા.24

નિયામક આયુષની કચેરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (ગાંધીનગર) ના નિર્દેશાનુસાર, જિલ્લા વિકાસ અધિકારી દાહોદની પ્રેરણા અને જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત દાહોદ દ્વારા ૧૧મા 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ-૨૦૨૬' ની ભવ્ય ઉજવણીના ભાગરૂપે સંતકૃપા હોલ, દાહોદ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગમાબેન મોહનિયાની અધ્યક્ષતા હેઠળ મેગા આયુર્વેદ તેમજ હોમિયોપેથી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા આયુર્વેદ અધિકારી સુધીર જોશીએ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસના મહત્વ તેમજ નિદાન-સારવાર કેમ્પ, IEC પ્રદર્શન અને ICDS વિભાગની યોજનાકીય માહિતી તથા THR પ્રદર્શન અંગે વિગતવાર માહિતી આપી હતી.

---

### હાલોલ સિંધવાવ તળાવ કિનારે જલજિલાણી એકાદશીની ઉજવણી

હાલોલ: ગુરુના ચરણસ્પર્સ કે દાનભેટ હંમેશા તેમના ચરણ માંજ થાય છે જયારે ભાદરવા સુદ એકાદશી દાન એકાદશીના દિવસે ગુરુ પોતાના સ્વાહસ્તે હાથમાં દાનનો સ્વીકાર કરતા હોય છે. આ દર્લભ દિવ્યમનોરથ ફક્ત આ દિવસે જ ભક્તો ને મળે છે. જે અંતર્ગત હાલોલ ખાતે અબોલ પશુ પ્રેમી વેદાંત કુમાર મહોદયશ્રી ના સાંનિધ્યમાં દાનલીલા પર્વની ભવ્ય ઉજવણી હાલોલ ના સિંધવાવ તળાવ કિનારે હાલોલ પુષ્ટિ સંપ્રદાય દ્વારા ભક્તિમય વાતાવરણમાં કરવામાં આવી હતી. છગન મગન લાલજી મંદિર તેમજ શ્રી દ્વારકાધીશ હવેલી ખાતે જેજે શ્રી પધારી શ્રી ઠાકોરજીની આરતી ઉતારતા તે દર્શન કરી વૈષ્ણવો ધન્ય બન્યા હતા.

**જાહેર નોટીસ**

અરજદારના વિ.વ.શ્રી

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ નં. ૭૫૮ / ૨૦૨૬, તા. ૧૩ / ૦૮ / ૨૦૨૬

અરજદાર: ગણાવા માજુભાઈ હુમલાભાઈ, રહે. ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જી. દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જી. દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ: ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ગણાવા માજુભાઈ હુમલાભાઈ ના પુત્રી ગણાવા ભાવનાબેન માજુભાઈ નો જન્મ તા. ૨૭/૧૨/૨૦૦૮ ના રોજ ગામ: ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જી. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રી નો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જી. દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રી ના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં. ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૭ - સાતમાં કે પહેલાં જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસૂર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ

તારીખ: ૧૩ / ૦૮ / ૨૦૨૬ (કોર્ટનો સિક્કો) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

સ્થળ: ગરબાડા